Bidder/Tenderer shall be required to visit (IREPS/E-Auction) site or for more queries may be visit divisional office Bhavnagar or Telephonic (Commercial inspector (NFR), Bhavnagar Division - +91-9724097960). **Time and Date for Auction start: 11:00 on 14.08.2024 through online website www.ireps.gov.in/ Time and Date for Auction Closing: 13:30 Hrs. on 14.08.2024 through online website www.ireps.gov.in/** 72

Like us on: facebook.com/WesternRly • Follow us on: x.com/WesternRly

# ગોધરા સિવિલ હોસ્પિટલના હિમો ડાયાલિસિસ વિભાગમાં વીજ પુરવઠો ખોરવાતા અનેક દર્દીઓ હેરાન પરેશાન

**(પ્રતિનિધિ) ગોધરા.**
ગોધરા શહેરમાં આવેલી સિવિલ હોસ્પિટલમાં કિડની ડાયાલિસિસ સેન્ટરમાં મંગળવારે વીજ પુરવઠો ખોરવાતા ડાયાલિસિસ અર્થે આવેલા દર્દીઓને કપરી સ્થિતિમાં મુકાવાનો વારો આવ્યો હતો, ત્યારે હોસ્પિટલના સત્તાધીશો દ્વારા આવી સ્થિતિમાં વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

પંચમહાલ જિલ્લાના મુખ્યમથક ગોધરા શહેરમાં જિલ્લાની સૌથી મોટી સરકારી હોસ્પિટલ આવેલી છે, જ્યાં રોજબરોજ હજારો દર્દીઓ પોતાની નાનીમોટી બીમારીઓના નિદાન માટે આવતા હોય છે, ગોધરા શહેરમાં આવેલ સિવિલ હોસ્પિટલમાં કિડની ડાયાલિસિસ સેન્ટર પણ આવેલું છે, જ્યાં જિલ્લા ઉપરાંત અન્ય જિલ્લામાંથી અને અન્ય રાજ્યોમાંથી પણ કેટલાક દર્દીઓ ડાયાલિસિસ અર્થે આવે છે, ત્યારે મંગળવારે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે આવેલ કિડની ડાયાલીસીસ સેન્ટરમાં ચાલુ ડાયાલીસીસ દરમિયાન વિજપુરવઠો ખોરવાતા દર્દીઓને ભારે હાલાકીનો શિકાર થવુ પડ્યુ હતુ, ઉલ્લેખનિય છે કે વિજળી ગુલ થવાના કારણે ડાયાલીસીસના મશીનો બંધ થઈ જતા દર્દીઓનુ અડધુ રક્ત શરીરમાં અને અડધુ ડાયાલીસીસ મશીનમાં રહી જાય છે, જેમા મશીનમાં રહેલુ લોહી ઠરી જવાની શક્યતા રહેલી હોય છે અને પુનઃ આ રક્તને મશીન થકી ડાયાલીસીસ કરવામાં મોટુ જોખમ રહેલુ છે, ત્યારે મોટી સંખ્યામા દર્દીઓ ડાયાલીસીસ કરાવવા આવતા હોય છતાય વીજ પુરવઠો ખોરવાય તેવી સ્થિતિમાં અન્ય કોઈ વૈકલ્પિક વ્યવસ્થા નથી, જેને લઈને ડાયાલિસિસ અર્થે આવેલા દર્દીઓ અને તેઓના સંબંધીઓમાં છૂપો રોષ જોવા મળી રહ્યો છે, સિવિલ હોસ્પિટલના સત્તાધીશો દ્વારા વીજ પુરવઠાની અન્ય વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# ગોધરામાં બહેરા મૂંગા બાળકો દ્વારા બનાવેલ રાખડીના પ્રદર્શન ક્રમ વેચાણ



**ગોધરા,**
પંચમહાલ, મહીસાગર અને દાહોદ જિલ્લાના દિવ્યાંગ મૂક બધિર બાળકો ગાંધી સ્પેશ્યલ બહેરા મૂંગા વિદ્યાલયમાં અભ્યાસ કરી રહ્યા છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ સંસ્થાના દિવ્યાંગ મૂક બધિર બાળકોએ સુંદર અને કલાત્મક રાખડીઓ બનાવી છે. જેનું પ્રદર્શન કમ વેચાણ કેન્દ્ર તારીખ ૦૭ ઓગષ્ટ, ૨૦૨૪ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ભગિની મંડળના કમ્પાઉન્ડમાં શરૂ કરવા જઈ રહ્યા છીએ.જેનાથી આ દિવ્યાંગ મૂક બધિર બાળકોએ બનાવેલી સુંદર અને કલાત્મક રાખડીઓ લોકો જોવે અને ખરીદી કરીને તેમને પ્રોત્સાહન આપી શકે.આ પ્રદર્શન ક્રમ વેચાણકેન્દ્રમાં આપનો કિંમતી સમય ફાળવી આ મૂક બધિર દિવ્યાંગ બાળકોને પ્રોતસાહિત કરવા પધારશો તેવી નમ્ર વિનંતી છે.

# પંજાબમાં કરચોરી અટકશેઃ ૯.૪૮ લાખ મિલકતોનું ડ્રોન દ્વારા સર્વે કરવામાં આવશે

**(એજન્સી) ચંડીગઢ,**
પંજાબ સરકાર દ્વારા રાજ્યની ૯.૪૮ લાખ મિલકતોનું જિયોગ્રાફિક ઈન્ફોર્મેશન સિસ્ટમ આધારિત મેપિંગ સર્વે હાથ ધરવામાં આવશે. ડ્રોન વડે સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

આ સંદર્ભમાં પંજાબ મ્યુનિસિપલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કંપની દ્વારા ૧૨૬ મ્યુનિસિપલ સંસ્થાઓ માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર તૈયાર કરવામાં આવી છે. તેની મંજુરી મળતા સર્વેની કામગીરી શરૂ કરવામાં આવશે. સર્વેની કામગીરી પૂર્ણ થયા બાદ કોઈપણ વ્યક્તિ મિલકત વેરો ચોરી શકશે નહીં.હાલમાં પ્રોપર્ટી ટેક્સથી બચવા લોકો તેમના ઘરને નાની અને કોમર્શિયલ પ્રોપર્ટીને રહેણાંક મિલકત તરીકે જાહેર કરે છે. જેના કારણે સરકારને ટેક્સની આવક ગુમાવવી પડે છે. જીઆઈએસ મેપિંગ સર્વે પૂર્ણ થયા બાદ આ પ્રક્રિયા સંપૂર્ણપણે બંધ થઈ જશે.

વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ એસઓપી મુજબ ડ્રોનની મદદથી તમામ મિલકતોનો સર્વે કરવામાં આવશે. ડ્રોન બાદ વિભાગની ટીમો દ્વારા ડોર ટુ ડોર સર્વે કરવામાં આવશે. બંને સર્વેક્ષણોને એકીકૃત કરીને પોર્ટલ પર અપલોડ કરવામાં આવશે. આ સાથે પોર્ટલ પર તમામ પ્રોપર્ટી વિશે સાચી માહિતી દેખાશે. આનાથી પ્રોપર્ટી ટેક્સની સાચી ગણતરી કરવામાં મદદ મળશે. આ સિવાય વિભાગને ઘણી નવી નીતિઓ બનાવવા અને નવા પ્રોજેક્ટ લાવવામાં કોઈને કોઈ રીતે ફાયદો થશે.

વિભાગ દ્વારા જે જિલ્લાઓમાં આ કાર્ય શરૂ કરવામાં આવનાર છે તે જિલ્લાઓની મુખ્યત્વે મ્યુનિસિપલ સંસ્થાઓમાં ૭૪ મ્યુનિસિપલ કાઉન્સિલ અને ૫૨ નગર પંચાયતોનો સમાવેશ થાય છે. તેમાં અમૃતસરની ૭, ગુરદાસપુરની ૬, પઠાણકોટની ૬, ભટિંડાની ૧૬, માનસાની ૬, શ્રી મુક્તસર સાહિબની ૨, ફરીદકોટની ૧, ફાઝિલ્કાની ૨, ફિરોઝપુરની ૭, મોગાની ૬, હોશિયારપુરની ૯ મ્યુનિસિપલ સંસ્થાઓનો સમાવેશ થાય છે. જલંધર મ્યુનિસિપલ સંસ્થાઓમાં કપૂરથલામાં ૧૧, શહીદ ભગત સિંહ નગરમાં ૩, ફતેહગઢ સાહિબમાં ૪, લુધિયાણામાં ૮, રૂપનગરમાં ૩, બરનાલામાં ૬, પટિયાલામાં ૮, સંગરુરમાં ૪નો સમાવેશ થાય છે. મોહાલી અને ૨ માલેરકોટલામાં.

જીઆઈએસ આધારિત મેપિંગ સર્વેમાં પાણી અને ગટરની પાઈપલાઈનનો પણ સર્વે કરવામાં આવશે. પાઈપલાઈન જે વિસ્તારમાંથી પસાર થઈ રહી છે તે પોર્ટલ પર દેખાશે. આ સાથે, કોઈપણ નવો પ્રોજેક્ટ શરૂ કરતા પહેલા, મ્યુનિસિપલ સંસ્થાઓ પાણી અને ગટરની લાઈનો ક્યાંથી પસાર થઈ રહી છે તેની સંપૂર્ણ માહિતી મેળવી શકશે. તેવી જ રીતે હરિયાળા વિસ્તારો અંગે પણ સર્વે કરવામાં આવશે. જ્યાં ઓછા વૃક્ષો હશે તે વિસ્તારને નકશા પર હીટ એરિયા તરીકે દર્શાવવામાં આવશે. આ સાથે સ્થાનિક સંસ્થાઓ સંબંધિત વિસ્તારમાં વધુ વૃક્ષો વાવવા માટે કામ કરી શકશે.

# ગોધરામાં બે રહેણાંક મકાનમાંથી ૨૧૩ કિલોશંકાસ્પદ માંસનો જથ્થો ઝડપાયો

**(પ્રતિનિધિ) ગોધરા,**
ગોધરા શહેર બી-ડિવિઝન પોલીસે ગોધરા શહેરના મુસ્લિમ બી સોસાયટી ખાતે આવેલા અબરાર મસ્જિદ પાછળના બે રહેણાંક મકાનોમાંથી કુલ ૨૧૩ કિલોગ્રામ શંકાસ્પદ માંસનો જથ્થો ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જ્યારે ગોધરા બી-ડિવિઝન પોલીસે ગૌમાંસ હોવાની શંકાએ માંસના જથ્થાના નમૂનાને પરીક્ષણ અર્થે મોકલવામાં આવ્યો છે.

આ બનાવની વિગત અનુસાર ગોધરા શહેર બી-ડિવિઝન પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં નીકળ્યો હતો. ત્યારે ખાનગી રાહે બાતમી મળી હતી કે, ગોધરા શહેરના મુસ્લિમ બી સોસાયટીમાં આવેલા મકાનોમાં શંકાસ્પદ માંસનો જથ્થો રાખીને વેચાણ કરવામાં આવી રહ્યું છે, જે ચોક્કસ બાતમીના આધારે ગોધરા શહેર બી-ડિવિઝન પોલીસે બાતમી વાળી જગ્યાએ રેડ દરમિયાન શંકાસ્પદ માસનો જથ્થો ઝડપી પાડયો હતો.રૂહુલ અમીન રજ્જક દુર્વેશ ઉર્ફે ટીપુ નામના ઈસમના મકાનમાં તપાસ કરતા ઘરમાં રહેલા ફ્રીઝમાંથી વેચાણ માટે રાખેલો ૧૦૨ કિલોગ્રામ શંકાસ્પદ માંસનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસ દ્વારા માંસનો જથ્થો તેમજ અન્ય સાધનો મળીને કુલ રૂ ૩૬,૮૧૦નો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો. જ્યારે બાજુમાં રહેતા નુરુંનિશા મો.સઈદ બક્કર અને મો. સઈદ અ. અજીજ બક્કર નામના ઈસમના અન્ય એક રહેણાંક મકાનમાં તપાસ હાથ ધરતા વેચાણ માટે રાખેલો રૂ ૨૨ હજારની કિંમતનો ૧૧૧ કિલોગ્રામ શંકાસ્પદ માંસનો જથ્થો મળી આવ્યો હતો.

આમ પોલીસ દ્વારા શંકાસ્પદ માંસ સહિત કુલ રૂ. ૨૮ હજારનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો, જ્યારે પકડાયેલો શંકાસ્પદ માંસનો જથ્થો ગૌમાંસનો જથ્થો હોવાની આશંકાએ માંસના નમૂના પરીક્ષણ અર્થે મોકલવામાં આવ્યા હતા. સમગ્ર ઘટનાને લઈને ગોધરા શહેર બી-ડિવિઝન પોલીસ મથકે જાણવાજોગ નોંધવામાં આવી હતી.

# મેઘરજના ગ્રામ્ય વિસ્તારની સગીરા પર દુષ્કર્મ કરનાર આરોપીને ૨૦ વર્ષની સજા

**(પ્રતિનિધિ) બાયડ,**
અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી શ્રમિક પરિવારની સગીરા જંગલમાં બકરા ચરાવવા જતા ગાય વાછરડા ગામનો ૨૩ વર્ષીય સંદીપ નરસિંહ ફનાત નામનો યુવક સગીરા એકલી હોવાથી રોડ નજીક ઘાસના ખેતરમાં ખેંચી લઈ દુષ્કર્મ આચરી ફરાર થઈ ગયો હતો જે અંગે મેઘરજ પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધતા આ અંગે મેઘરજ પોલીસ સ્ટેશનના પ્રોબેશનલ પીઆઈ કે.એસ.પટેલે દુષ્કર્મી આરોપી સંદીપ નરસિંહ ફનાત ઝડપી પાડી



જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો જે અંગે પોક્સો કોર્ટમાં કેસ ચાલી જતા ઐતિહાસિક ચુકાદો આપ્યો છે જેમાં નરાધમ આરોપીને કોર્ટે ૨૦ વર્ષની સજા અને ૧૦ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે

મેઘરજ તાલુકાના ગાય વાછરડા ગામના સંદીપ નરસિંહ ફનાત નામના યુવકે ૪ સપ્ટેમ્બર ૨૦૨૩ના સાંજના સુમારે ગ્રામ્ય વિસ્તારની જંગલમાં બકરા ચરાવવા ગયેલી એક સગીરાને એકલતાનો લાભ લઈ રોડ સાઈડ ઘાસના ખેતરમાં ખેંચી જઈ બળાત્કાર ગુજારી ફરાર થઈ જતા ભારે ચકચાર મચી હતી આ અંગે મેઘરજ પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાતા પોલીસે દુષ્કર્મીને દબોચી લીધો હતો જે અંગેનો પોક્સો કોર્ટમાં કેસ ચાલી જતા સરકારી વકીલ દિનેશ.એસ.પટેલે ધારદાર રજૂઆત અને પુરાવાના આધારે એડી.સેશન્સ કોર્ટના ન્યાયાધીશ એચ.એન.વકીલે નરાધમ આરોપીને કોર્ટે ૨૦ વર્ષની સજા અને ૧૦ હજાર રૂપિયાનો દંડ ફટકારતા દુષ્કર્મી આરોપીના મોતિયા મરી ગયા હતા દુષ્કર્મનો ભોગ બનેલ પીડિતા અને તેના પરીવારે કોર્ટના નિર્ણયને આવકાર્યો હતો

# લાલકૃષ્ણ અડવાણીની ફરી તબિયત બગડી

**(એજન્સી) નવીદિલ્હી,**
ભાજપના પીઢ નેતા અને પૂર્વ ડેપ્યુટી પ્રાઈમ મિનિસ્ટર લાલકૃષ્ણ અડવાણી તબિયત દિન પ્રતિદિન કથળી રહી છે. આજે ફરી વાર તબિયત લથડતાં અડવાણીને દિલ્હીની એપોલો હોસ્પિટલમાં દાખલ કરાયાં હતા જ્યાં તેમની તબિયત સ્થિર હોવાનું જણાવાઈ રહ્યું છે.

લાલકૃષ્ણ અડવાણી હાલમાં ૯૬ વર્ષના છે. હાલમાં તેઓ ડોક્ટરોની દેખરેખ હેઠળ છે. ઉલ્લેખનીય છે કે જુલાઈ ૨૦૨૪માં પણ અડવાણી બે વાર બીમાર પડ્યાં હતા અને એક વાર ઓગસ્ટમાં એટલે એક મહિનામાં તેઓ ૩ વાર બીમાર પડ્યાં છે. ભાજપના દિગ્ગજ નેતા અને ભૂતપૂર્વ નાયબ વડા પ્રધાન લાલ કૃષ્ણ અડવાણીને જુલાઈમાં પણ બીમાર પડ્યાં હતા. તે વખતે તેમની યુરોલોજી, કાર્ડિયોલોજી અને જેરીયાટ્રીકની તપાસ કરાઈ હતી. ભાજપના દિગ્ગજ નેતા લાલકૃષ્ણ અડવાણીનું હેલ્થ હવે દિન પ્રતિદિન ખરાબ થવા લાગ્યું છે. બીમાર પડવાનું તેમનું પ્રમાણ પણ વધી રહ્યું છે.

# ખેડા ટાઉન પોલીસ સ્ટેશન દ્વારા "તેરા તુજકો અર્પણ"નો કાર્યક્રમ યોજાયો



**(પ્રતિનિધિ) નડિયાદ,**
ગુજરાત સરકાર દ્વારા આયોજીત "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ હેઠળ કપડવંજ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક વી.એન.સોલંકી નાઓના અધ્યક્ષતામાં આ કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં કુલ ૧૨ ભોગબનનાર/ફરિયાદીને પોતાનો મુદ્દામાલ આપવામાં આવેલ હતો. પરત કરેલ મુદ્દામાલમા ૧૭ તોલા સોનાના દાગીના કિ.રૂ.૧૨,૨૫,૫૬૦/- તેમજ અલગ- અલગ કંપનીના ૧૧ મોબાઈલ જેની અંદાજીત કિં.રૂ.૧,૫૦,૦૦૦/- મળી કુલ્લે કિં.રૂ.૧૩,૭૫,૫૬૦/- નો મુદ્દામાલ ભોગબનનારને ખેડા ટાઉન પોલીસ સ્ટેશન ખાતેથી પરત આપવામાં આવ્યો હતો .

# પોરબંદરમાં કોન્ટ્રાકટર પાસેથી ૧.૪૧ કરોડ પડાવનાર વધુ બે વ્યાજખોરની ધરપકડ

પોરબંદરઃ પોરબંદરમાં રોયલ આર્કેડ પાસે રહેતા અને કન્સ્ટ્રકશનનું કામ કરતા કિશોર ત્રિકમભાઈ પાસેથી બાબુભા પોપટભા સોલંકી પરસોતમનગર રહેતા દેવા ગરો, બોખીરાના ભોજા અને જયપાલસિંહ જાડેજા અને યજ્ઞપાલસિંહ જાડેજા નામના વ્યાજખોરોને કુલ રૂ.૧.૪૧ કરોડની રકમ પડાવી લઈ મકાન પર કબ્જો જમાવી દીધાની ફરીયાદ હર્ષાબેન કિશોર વારાએ નોધાવતા પોલીસે પાંચેય વ્યાજખોર વિરૂધ્ધ ગુનો નોધ્યો હતો. આ કેસમાં પોલીસે જયપાલસિંહ જાડેજા અને યશપાલસિંહ જાડેજાની ધરપકડ કરી હતી.

# નારી વંદન સપ્તાહ અંતર્ગત મહિલા નેતૃત્વ અંગે એસવીટી બીએડ કોલેજ ધનસુરા ખાતે કાર્યક્રમ યોજાયો



(તસ્વીરઃ દિલીપ પુરોહિત, બાયડ)

**(પ્રતિનિધિ) બાયડ,**
અરવલ્લી જીલ્લામાં હાલ મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા નારી વંદન સપ્તાહ ઉજવણીના ભાગરૂપે મહિલા કર્મયોગી દિવસની ઉજવણી ભાગરૂપે કામકાજના સ્થળે જાતીય સતામણી અધિનિયમ ૨૦૧૩ અંતર્ગત એસ.વી.ટી. બી.એડ કોલેજ, તા.ધનસુરા ખાતે કરવામાં આવી હતી. જેમાં ઉપસ્થિત મહેમાનોમાં ઘનશ્યામભાઈ પટેલ વકીલ, વૈશાલીબેન પંચાલ, વકીલ ઉપસ્થિત રહ્યા હતા .

તેમજ મુખ્ય મહેમાનપદે શ્રીમતી વનીતાબેન પટેલ-પોષ એક્ટ-૨૦૧૩ અધિનિયમ હેઠળ પીડિતા "કોઈપણ ઉંમરની સ્ત્રી હોઈ શકે છે, પછી ભલે તે કાર્યસ્થળે નોકરી કરતી હોય કે ન હોય", જે "જાતીય સતામણીનાં કોઈપણ કૃત્યને આધિન હોવાનો આક્ષેપ કરે છે". અસરમાં, આ અધિનિયમ એવી તમામ મહિલાઓના અધિકારોનું રક્ષણ કરે છે તેવી જાણકારી આપવામાં આવી. તથા ચેરમેન શ્રીમતી નિધિબેન જયશ્વાલ-નાયબ માહિતી નિયામક-અરવલ્લી શ્રીમતી ફરહાનાબેન મિરઝા તેમજ રમેશ ભાઈ ચૌધરી-દહેજ પ્રતિબંધક અધિકારી, જસુભાઈ ભરવાડ પ્રિન્સિપાલ એસ.વી.ટી. બી .એડ કોલેજ મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરીની વિવિધ યોજનાઓની જાણકારી આપવામાં આવેલ હતી.

આજની થીમ "મહિલા કર્મયોગી દિવસ" ના ભાગરૂપે કામકાજ ના સ્થળે જાતીય સતામણી ૨૦૧૩ ના કાર્યક્રમમાં મહિલાઓ પર થતી હિંસા તેમજ શોષણ અંગે ની ખૂબ સારી માહિતી આપવામાં આવી હતી.

જેમાં ઘનશ્યામભાઈ વકીલશ્રી તેમજ વૈશાલીબેન પંચાલ દ્વારા કાયદાની અને કલમની ખૂબ ઊંડાણપૂર્વક માહિતી આપી તેમજ ઉપસ્થિત મહેમાનોમાં શ્રીમતી વનિતાબેન પટેલ દ્વારા દીકરી ઓ એ સમાજનું ગૌરવ છે તેમજ વિકસિત ભારત બનાવવા માટે મહિલાઓ ને કેવી રીતે સશકત કરી શકાય. તેની જાણકારી આપી હતી.

# ઉદ્યોગપતિ ગૌતમ અદાણીની સંપત્તિના ઉત્તરાધિકારીઓની જાહેરાત

**અમદાવાદ,**
અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણીએ નિવૃત્તિ લેવાની અચાનક જાહેરાત કરી સૌને આશ્ચર્યચકિત કરી દીધા છે. ૬૨ વર્ષીય બિઝનેસમેન ગૌતમભાઈએ ૭૦ વર્ષની વયે તેમનું પદ છોડવાની જાહેરાત કરી છે. હવે ૨૦૩૦ના દાયકાના પ્રારંભમાં અદાણી ગ્રુપનું સુકાન નવી પેઢીના હાથમાં આવશે. જો કે અદાણી જૂથનું સામ્રાજ્ય સંભાળવામાં અનેક પડકારો છે. ભારતના અર્થતંત્રને પણ તે અસર કરી શકે છે. $100 બિલિયનથી વધુની સંપત્તિ ધરાવતા ગૌતમભાઈ અદાણીએ સૌ પ્રથમ વખત તેમની નિવૃત્તિ અને ઉત્તરાધિકારની યોજનાઓની રૂપરેખાની જાહેરાત કરી છે. તેમણે આગામી પેઢીને અદાણી જૂથના નેતૃત્વની કમાન સોંપવાના નિર્ણય અંગે માહિતી આપી હતી. ગૌતમ અદાણીના આ નિર્ણય લેવાનું બીજ વર્ષો પહેલા રોપાયું હતું. ૨૦૧૮ની શરૂઆતમાં એશિયાના બીજા સૌથી ધનાઢ્ય વ્યક્તિ ગૌતમ અદાણીએ તેમના અમદાવાદના નિવાસ્થાને લંચ દરમિયાન તેમના બે પૂત્રો અને ભત્રીજાઓને એક અણધાર્યો પ્રશ્ન પૂછ્યો કે, શું તેઓ અદાણી ગ્રૂપના છૂટાછવાયા બિઝનેસને અલગ અલગ રીતે ચલાવવા માગે છે?

**વેસ્ટર્ન ટાઇમ્સ**
વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.
-જાહેરખબર મેનેજર

## પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન

**વિવિધ કાર્યો**

**ઈ-ટેન્ડર નોટિસ નં. 16 વર્ષ 2024-25, તારીખઃ 01/08/2024; ઓફિસનું સરનામુંઃ** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જિ.), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત - 360001, વેબસાઈટ : www.ireps.gov.in

| અ. નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | અંદાજિત NIT ખર્ચ | અર્નેસ્ટ મની |
|---|---|---|---|---|
| 1 | DRM-RJT-2024-25-E-39 | રાજકોટ ડિવિઝનઃ સિનિ. સેક્શન એન્જિનિયર (વર્કસ) વાંકાનેરના અધિકારક્ષેત્ર (વાંકાનેર થી ચામરાજ) હેઠળ સ્ટાફ ક્વાર્ટર્સ અને સર્વિસ બિલ્ડીંગના બહારના ભાગનું પેઈન્ટીંગ, અંદરના ભાગને ચૂનાથી ધોળવાનું, ડિસ્ટેમ્પરીંગ કરવાનું કામ. | ₹ 1,84,48,237.50 | ₹ 2,42,300.00 |
| 2 | DRM-RJT-2024-25-E-40 | રાજકોટ ડિવિઝન : SSE (વર્કસ) સુરેન્દ્રનગરના અધિકારક્ષેત્ર હેઠળ સ્ટેશન, સર્વિસ બિલ્ડીંગ્સ, સ્ટાફ ક્વાર્ટર અને અન્ય માળખાઓને બહારના ભાગે અને અંદરના ભાગે રંગવાનું કામ. | ₹ 1,64,69,276.25 | ₹ 2,32,400.00 |
| 3 | DRM-RJT-2024-25-E-41 | રાજકોટ ડિવિઝનઃ મોરબી-ગુડ્ઝ શેડમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું અપગ્રેડેશન કરવાનું કામ. | ₹ 6,28,39,084.92 | ₹ 4,64,200.00 |

**ઉપરના તમામ ટેન્ડર માટે : ટેન્ડર ખોલવાની તારીખ અને સમય : 22/08/2024, 15:00 કલાકે**

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ x.com/WesternRly 73

## નામ બદલેલ છે

મેં મારું નામ **પટેલ દિનેશકુમાર ઈશ્વરભાઈ** હતું, જે બદલીને **પટેલ દિનેશભાઈ ઈશ્વરભાઈ** કરેલ છે.
**સરનામું :** ૮૦૨, ગોલ્ડન પાર્ક-૨ ખોરજ, ગાંધીનગર
P201A

## પશ્ચિમ રેલવે -વડોદરા ડિવિઝન

**એન્જિનિયરિંગ વિભાગ**

**ઈ-ટેન્ડર નોટિસ નબંર DRM-BRC 073 TO 075 OF 2024-25;** ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા -390 004; દ્વારા નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ટેન્ડર આમંત્રિત છે:

| અ. નં. | ટેન્ડર નં. અને કામનું નામ | કામનો અંદાજીત ખર્ચ (In Rs.) | જમા કરાવવાની બિડ સિક્યોરિટી (In Rs.) |
|---|---|---|---|
| 1 | **DRM BRC 073 of 2024-25**. DEN(N)BRC ના અધિકારક્ષેત્રમાં SSE(P.way)/III/ANND હેઠળ ટ્રેક જાળવણીની પ્રવૃત્તિઓનું આઉટસોર્સિંગ કરવાનું કામ.. | 1,47,38,908.19 | 2,23,700.00 |
| 2 | **DRM BRC 074 of 2024-25**. વડોદરા-ગેરતપુર સેક્શન : નડિયાદ જં. BG : નડિયાદ સ્ટેશન ખાતે ગુડ્ઝ શેડની ક્ષમતામાં વૃદ્ધિ કરવાનું કામ. (પુનઃઆમંત્રિત) (R-1) | 1,93,17,276.34 | 2,46,600.00 |
| 3 | **DRM BRC 075 of 2024-25**. SSE (W) BRCY ના અધિકારક્ષેત્ર હેઠળ ક્લોરીનેશન દ્વારા પીવાના પાણીની આપૂર્તિને જંતુમુક્ત કરવાનું કામ. (પુનઃઆમંત્રિત) (R-3) | 8,25,644.99 | 16,500.00 |

**ઉપરોક્ત તમામ ટેન્ડરો માટેઃ** ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ ટેન્ડર તા. **23.08.2024** ના રોજ 15.00 કલાક પહેલાં જમા કરાવવા અને તે એ જ દિવસે 15.30 કલાકે ખોલાશે. વેબસાઈટની વિગત અને નોટિસ બોર્ડનું સ્થળ જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગત જોઈ શકાશેઃ વેબસાઈટ @ **www.ireps.gov.in** ડિવિઝનલ રેલવે મેનેજર (ડબ્લ્યુએ/સી) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004.

**W/623/NIT of 2024-25 dated 01.08.2024**

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ x.com/WesternRly 148

## નામ બદલેલ છે

મેં મારું નામ **પટેલ દિવાળીબેન દિનેશકુમાર** હતું, જે બદલીને **પટેલ દિવાળીબેન દિનેશભાઈ** કરેલ છે.
**સરનામું :** ૮૦૨, ગોલ્ડન પાર્ક-૨ ખોરજ, ગાંધીનગર
P201

**Franklin Templeton Mutual Fund**

Cordially invites you for a program under it's
**Investor Education and Awareness Initiative.**

Venue :
Haut Platter Banquet Hall, Mangaldeep Complex,
101, First Floor, Varachha Main Rd, Hirabaugh, Surat 395006

Date: 9th August, 2024
Time: 7:00 p.m.

Contact Person: Jigar Desai (9725043004)

Due to limited seats, entry will be provided to registered attendees only. Please call on the above number to register by tomorrow.

We look forward to your participation.

FRANKLIN TEMPLETON

Registered office: One International Centre, Tower 2, 12th & 13th Floor, Senapati Bapat Marg, Elphinstone (West) Mumbai - 400013

**Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully.**

## પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન

**ઇલેક્ટ્રિકલ કાર્ય**

ટેન્ડર મંગાવતી નોટિસ નં : **EL/50/1/19 (24-25)** તારીખ : **02.08.2024** ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી, ડિવિઝનલ રેલવે મેનેજર (ઇલેક્ટ્રિકલ) પશ્ચિમ રેલવે, વડોદરા ડિવિઝનના અનુભવી અને વિશ્વસનીય કોન્ટ્રાક્ટરો પાસે ભારતીય રેલવેની વેબસાઇટ www.ireps.gov પર નીચેના કામો માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે ટેન્ડર **નંબર :** BRC-EL-P-21-2203-24-25 **કામનું નામ:** પ્રતાપનગર (વર્કશોપ) : પીઆરટીએન વર્કશોપમાં વર્કશોપ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વધારાના સંદર્ભમાં ઈલેક્ટ્રીકલ કામો. **અંદાજિત કિંમત (રૂ.) :** 1,38,01,424.00 **ઇએમડી (રૂ.) :** 219000.00 **ટેન્ડર ફી (રૂ.) :** શૂન્ય **ઇ-ટેન્ડર સમાપ્તિ તારીખ :** 29.08.2024 **વેબસાઇટ વિગતો :** www.ireps.gov.in 149

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

## પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન

**ગતિ શક્તિ વિભાગ**
**ઈ-ટેન્ડર નોટીસ નં.**
**CPM-GSENGG-BRC-06-24-25**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ચીફ પ્રોજેક્ટ મેનેજર (ગતિ શક્તિ), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચે જણાવેલ કામ માટે સીલબંધ ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે. **i) ટેન્ડર નં. CPM-GS-ENGG-BRC-06-24-25 ii) કામનું નામઃ** વડોદરા ડિવિઝનઃ છાયાપુરી – બાજવા દરમિયાન મલ્ટી ટ્રેકિંગની સંલગ્નતામાં બ્રિજીસ, રીટેઈનીંગ વોલનું બાંધકામ, ફોર્મેશન કામ અને અન્ય પરચુરણ સિવિલ કામ. **iii) કામની અંદાજીત પડતરઃ** ₹ 12,85,55,990.85/- (રૂપિયા બાર કરોડ પંચ્યાસી લાખ પંચાવન હજાર નવસો નેવું અને પંચ્યાસી પૈસા પુરા) **iv) જમા કરાવવાની અર્નેસ્ટ મની:** ₹ 7,92,800/- (રૂપિયા સાત લાખ બાણું હજાર આઠસો પુરા) **v ) બિડિંગ માટે ઓનલાઈન ટેન્ડરની ઉપલબ્ધતાઃ** તા. 15.08.2024 ના 11:00 કલાક થી તા. 29.08.2024 ના 15:00 કલાક સુધી. **ટેકનિકલ બિડ ખુલવાની તારીખ અને સમયઃ** તા. 29.08.2024 ના 15:30 કલાકે. **vi)** ટેન્ડર દસ્તાવેજની પડતર (પરત ન મળવા પાત્ર), ઈએમડી, યોગ્યતા માપદંડ, સમાન પ્રકારનું કામ, વિગતવાર ટેન્ડર શરતો સમાવતી વિગતવાર નોટીસ અંગે કૃપા કરી **www.ireps.gov.in** ની મુલાકાત લેશો. **મેન્યુઅલ ઓફરો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.** 147

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

## પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન

**અમૃત સ્ટેશન યોજના સોફ્ટ અપગ્રેડેશન/સુધારણા**

**ટેન્ડર નોટિસ નં. DRM/RJT/E-Tender/2024-2025/13 (EL) તા. 31.07.2024; ઓફિસનું સરનામુંઃ** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-360001; **વેબસાઈટ ની વિગતઃ www.ireps.gov.in; (1) ટેન્ડર નં. DRM/RJT/EL/2024-2025/13. (i) કામનું નામઃ** જામનગરઃ અમૃત સ્ટેશન યોજના સોફ્ટ અપગ્રેડેશન/સુધારણા. **(ii) અંદાજિત ખર્ચઃ** ₹2,81,76,668/- **(iii) EMD ની રકમ:** ₹2,90,900/- **(iv) ઓનલાઈન અરજી માટેની તારીખ અને સમયઃ** તા. 30.08.2024 ના 15:00 કલાક સુધી. **(v) પ્રોજેક્ટ આઈડીઃ** 15.04.53.23.1.00.024 72

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

## પશ્ચિમ રેલવે-ભાવનગર ડિવિઝન

**ઈ-ઓક્શન નોટિસ**

**નંબરઃ CA.11/ADVT/OOH/AUCTION/2024/06 તારીખઃ 30.07.2024;** વાણિજ્ય વિભાગ, પહેલો માળ, DRM ઓફિસ, ભાવનગર પરા, ગુજરાત-364003. ભાવનગર ડિવિઝનની ટ્રેનમાં વિવિધ મીટરગેજ લોકોમોટીવ પીયુ પેઇન્ટિંગ અને વિનાઇલ રેપિંગના કોન્ટ્રાક્ટ માટે હરાજી આમંત્રિત કરવા માટે ઇ-ઓક્શન નોટિસ.તમામ વિગતો રેલવેના વેબ સાઈટ પોર્ટલ (IREPS-AUCTION) પર મૂકવામાં આવી છે.

| કેટલોગ નં. | કોન્ટ્રાકટનો પ્રકાર | શ્રેણી |
|---|---|---|
| ADVT-VINYL-2024-02 | મીટર ગેજ લોકોમોટીવ PU પેઈન્ટીંગ અને ટ્રેન પર વિનાઈલ ચોંટાડવું (બંને તરફનો સંપૂર્ણ બાહ્ય હિસ્સો) | જાહેરાત |

બિડર/ટેન્ડરરને (IREPS/ઇ-હરાજી) સાઈટ જોવાનું આવશ્યક રહેશે અથવા વધુ પુછપરછ માટે ડિવિઝનલ ઓફિસ ભાવનગરની અથવા (કોમર્શિયલ ઈન્સપેકટર (NFR), ભાવનગર ડિવિઝન - +91-9724097960) ની ટેલિફોનિક મુલાકાત લઈ શકે છે. **હરાજી શરૂ થવાની તારીખ અને સમય – ઓનલાઈન વેબસાઈટ www.ireps.gov.in/ મારફતે 14.08.2024 ના રોજ 11.00 કલાકે. હરાજી બંધ થવાની તારીખ અને સમય–ઓનલાઈન વેબસાઈટ www.ireps.gov.in/ મારફતે 14.08.2024 ના રોજ 13.30 કલાકે.**

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ x.com/WesternRly 72

## AREX INDUSTRIES LIMITED

**(CIN: L99999GJ1989PLC012213)**
**Regd Office:** 612, GIDC ESTATE, PHASE-I, CHHATRAL, DIST. GANDHINAGAR,GUJARAT.
**Phone: +91 2764 233437** **Email:** mail@arex.in. **Website:** www.arex.co.in

**Statement of Standalone Unaudited Financial Results For the Quarter ended on 30th June, 2024**

*(Rs. in Lakhs)*

| Sr. No | Particulars | Quarted ended | | | Year ended |
|---|---|---|---|---|---|
| | | 30/06/2024 Unaudited | 31/03/2024 Audited | 30/06/2023 Unaudited | 31/03/2024 Audited |
| 1 | Total Income from Operations | 1296.93 | 1356.56 | 1168.35 | 5110.47 |
| 2 | Profit before exceptional and extraordinary items and tax (1-2) | 123.46 | 24.68 | 39.25 | 369.31 |
| 3 | Profit before extraordinary items and tax | 123.46 | 24.68 | 39.25 | 369.31 |
| 4 | Profit before tax | 123.46 | 24.68 | 39.25 | 369.31 |
| 5 | Profit/(Loss) for the period | 82.97 | 2.82 | 27.91 | 254.33 |
| 6 | Total Comprehensive Income | 82.97 | 2.82 | 27.91 | 254.33 |
| 7 | Paid-up - Equity Share Capital [Face Value Rs. 10/- each] | 395.87 | 395.87 | 395.87 | 395.87 |
| 8 | Earnings per equity share (of 10/- each) (not annualised) | | | | |
| | (a) Basic | 2.10 | 0.07 | 0.71 | 6.42 |
| | (b) Diluted | 2.10 | 0.07 | 0.71 | 6.42 |

**Notes :**
1. The Financial Results have been prepared in accordance with Indian Accounting Standards ("Ind-AS") prescribed under Section 133 of the Companies Act, 2013 read with the relevant rules thereunder and in terms of Regulation 33 of the SEBI (Listing Obligations & Disclosure requirements) Regulations 2015.
2. The above results have been reviewed by the Audit Committee and taken on record by the Board of Directors at their meetings held on 06-08-2024.
3. The Statutory Auditors have carried out a " Limited Review" of the Financial Result for the quarter ended on 30-06-2024.
4. The Company does not have more than one reportable segment. Accordingly segmental information is not required to be provided.
5. The figures for the quarter ended 31st March 2024 are the balancing figures between audited figures in respect of the full financial year & the published year to date figures upto the third quarter of the respective financial year.

For **AREX INDUSTRIES LIMITED**
Dinesh Bilgi
Managing Director
(DIN: 00096099)

**Place** : CHHATRAL
**Date** : 06-08-2024

## ROYALE MANOR HOTELS AND INDUSTRIES LIMITED

**CIN: L55100GJ1991PLC015839**
Regd. Office: International Airport Circle, Ahmedabad 382475 Gujarat. Web: www.rmhil.com email: royalemanorehotels@rediffmail.com Telephone No: 079-22868642/43

**Extract of Standalone Unaudited Financial Results for the Quarter ended 30th June, 2024**

**(Rs in Lakhs)**

| Sr. No. | Particulars | Quarter Ended 30/06/2024 (Unaudited) | Year Ended 31/03/2024 (Audited) | Quarter Ended 30/06/2023 (Unaudited) |
|---|---|---|---|---|
| 1 | Total income from operations (net) | 489.30 | 2512.45 | 463.96 |
| 2 | Net Profit / (Loss) for the period (before Exceptional Item, Extraordinary items & tax) | 34.26 | 560.74 | 26.45 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional Item, Extraordinary items ) | 34.26 | 560.74 | 26.45 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional Item, Extraordinary items ) | 22.96 | 421.79 | 18.30 |
| 5 | Total Comprehensive Income for the period (Comprising Profit/(Loss) for the period (after tax) and other Comprehensive Income(after tax) | 22.96 | 422.13 | 18.30 |
| 6 | Equity Share Capital | 1983.22 | 1983.22 | 1888.22 |
| 7 | Reserves (excluding Revaluation Reserve as shown in the Balance Sheet of previous year) | 3840.71 (as on 31.03.2024) | 3840.71 (as on 31.03.2024) | 3301.63 (as on 31.03.2023) |
| 8 | Earnings Per Share ( Rs. 10/-each) (not annualized) | | | |
| | Basic: (Rs) | 0.12 | 2.21 | 0.10 |
| | Diluted (Rs.) | 0.12 | 2.21 | 0.10 |

**NOTES : -**
1. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results is available on the Stock Exchange websites, www.bseindia.com and on company's website www.rmhil.com
2. The above results were reviewed by the Audit Committee & thereafter approved by the Board of Directors at its meeting held on August 5, 2024. The Statutory Auditors of the Company have carried out a Limited Review of the aforesaid results.
3. The Previous quarter's figures have been regrouped and/or rearranged, wherever considered necessary.

**By Order of the Board**
**For Royale Manor Hotels and Industries Limited**
**Vishwajeet Singh U. Champawat**
Chairman & Managing Director
DIN-00519755

Place : **Ahmedabad**
Date : **August 5, 2024**